

ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# आर्य वैदिक दर्शन
# ARYA VEDIC DARSHAN
# આર્ય વૈદિક દર્શન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

**Vol.2 Issue 4, JULY 2018 Ahmedabad, (Gujarat)**
**Page : 32, Rs. 100 Annual**



## ખંડેરાવ જગતાપ

મૂળ સાસવડ (પૂના)ના વતની તેમના પર્વજો ઇન્દોરના હોલ્કરના પાયદળ સાથે અંકલેશ્વર વસેલા. સ્વામી શ્રદ્ધાનંદજીના ગુજરાત પ્રવાસ (સન્ ૧૯૨૩)માંથી પ્રેરણા મળી. મથુરામાં દયાનંદ જન્મ શતાબ્દીમાં હાજરી આપી. અને આર્યસમાજના રંગે રંગાયા. હરિજન ઉદ્ધારનાં કાર્યો, શુદ્ધિકાર્યો, વિધર્મીઓ દ્વારા હિન્દુ બહેન-દીકરીઓને ફંસાવાથી અનેકને જાનના જોખમે બચાવી. ભીલોમાં .જાગૃતિનું કાર્ય કર્યું અને એમાંજ બલિદાન આપી શહીદી વહોરી લીધી. તેમની ભવ્ય સ્મશાનયાત્રા ભરૂચમાં નીકળી ત્યારે તેમના માનમાં ભરૂચમાં ત્રણ દિવસની સખ્ત હડતાલ પડી હતી.

# "આર્ય વૈદિક દર્શન"

આર્યવૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ - ૩૮૦ ०૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી ક્વાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોંધ: (૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

(૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

| | |
|---|---|
| બેંક ખાતાનું નામ | : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા |
| બેંકનું નામ | : યુનીયન બેંક ઓફ ઇન્ડિયા |
| ખાતા નંબર | : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫ |
| IFSC | : UBIN0531332 |

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ-તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા. Email : aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી.
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में
सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૧૯
વિક્રમ સંવત: ૨૦૭૪
વર્ષ:૨ (સળંગ વર્ષ ૩૭)
અંક : ૪, જુલાઇ - ૨૦૧૮
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઇલનં.: ૯૮૨૪૦૭૨૫૦૯
સહસંપાદક: હસમુખ પરમાર
મોબાઇલનં. ૯૮૭૯૩૩૩૩૪૮
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઇલનં. ૯૦૩૩૦૩૧૧૪૬
પ્રકાશક: ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,
ત્રણ હાટડી, ટંકારા.
મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ.
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક: રૂા. ૧૦૦/-
દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂા. ૨૫૦/-
આજીવન: (૧૦વર્ષ) રૂા. ૮૦૦/-
૧ પ્રત : રૂા. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email: gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચન

ब्राह्मं प्राप्तेन संस्कारं क्षत्रियेण यथाविधि।
सर्वस्यास्य यथान्यायं कर्तव्यं परिरक्षणम्॥

જેમ બ્રાહ્મણ પરમ વિદ્વાન હોય છે, તેમ વિદ્વાન પૂર્ણ વિધિ અનુસાર અર્થાત્ ઉપનયનમાં દીક્ષિત થઇને સમાવર્તનકાળ સુધી બ્રહ્મચર્ય પાલન કરીને, સુશિક્ષિત થઇને ક્ષત્રિયને યોગ્ય છે કે તે આ સમગ્ર રાજ્યની રક્ષા ન્યાયથી યથાવત્ કરે.

- મનુસ્મૃતિ (૭/૨)

## અનુક્રમણિકા

| | |
|---|---|
| આધ્યાત્મિક ચિંતન | ૪ |
| વૈદિક ઉપદેશ | ૫ |
| અરબમાં વેદ પ્રચાર | ૯ |
| પિતૃ નડતર એક અજ્ઞાત ભય | ૧૩ |
| અંધવિશ્વાસ નિવારણ | ૧૪ |
| મ. દ. રચિત ગ્રન્થ પરિચય | ૧૪ |
| જિજ્ઞાસા સમાધાન | ૧૫ |
| બાળ વિભાગ | ૧૭ |
| **ગુજરાતનું ગતિશીલ આર્યજગત** | |
| વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી | ૨૧ |
| આર્યવીર દળ ટંકારા સ્થાપના દિવસ | ૨૬ |
| શૈક્ષણિક કીટ વિતરણ | ૨૮ |
| વિશ્વ યોગ દિવસની ઉજવણી | ૩૦ |

આધ્યાત્મિક ચિંતન

# ક્યારેક હું પણ આવો જ હતો...

- આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુ કૃપાથી આધ્યાત્મિક માર્ગ પ્રાપ્ત થયો છે. અશુભ કર્મોને ધીમે ધીમે ત્યાગ કરતા જઇ તથા શુભ કર્મોને ધીમે ધીમે સ્વીકારતા રહી આપણે એવું પુણ્ય કર્માશય બનાવી લીધું કે આપણને સારા સંસ્કારિત પરિવારમાં જન્મ મળ્યો અથવા જન્મ બાદ આપણને આધ્યાત્મિક માર્ગ બતાવવાવાળા, પ્રેરણા દેવાવાળા મળ્યા, મળતા રહ્યાં. તપ, સ્વાધ્યાય, ઇશ્વર ભક્તિ કરતા કરતા સારા સંસ્કાર મેળવ્યા અને આજે સ્વયંને એક ધાર્મિક, આધ્યાત્મિક, સાધક, મુમુક્ષના રૂપમાં જોઇ રહ્યાં છીએ.

પ્રભુ કૃપાથી અમને એવો બોધ પ્રાપ્ત થયો કે આધ્યાત્મિક માર્ગ ઉપર ચાલીને જ જીવનને સાર્થક કરી શકાય છે. આ બોધ-સમજણને કારણે જ આપણે આધ્યાત્મિક માર્ગ ઉપર ચાલવું, ત્યાગ-તપસ્યા કરવા ઘણા અઘરા અને નકામા લાગતા હતા. ત્યારે અમને સંસાર અને સંસારના સુખ વધારે આકર્ષિત કરતા હતા. સાંસરિક સુખોની ધૂનમાં અમને ધર્મ-અધર્મ, ઉચિત-અનુચિતનો વિવેક પણ નહતો રહી શકતો. અમે ગમે તે રીતે સાંસારિક સુખ અને સુખ સાધનો, પદ પ્રતિષ્ઠા વગેરેની પાછળ હાથ ધોઇને પડયા રહેતા હતા. ઓહ! એ કેવું જીવન હતું, અમે કેવી મૂર્ખામી કરતા હતા, અધર્મ-અનુચિતને કરવા છતા પણ પોતાની જાતને સમજદાર માનતા હતા.

આજે સ્થિતિ બદલાઇ ગઇ છે. અમોએ ધીરે ધીરે શુભ સંસ્કારોને સંગ્રહિત કર્યા છે. સ્વયંને બદલવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં પણ અમે એટલી તીવ્રતાથી પોતાની જાતને બદલી શક્યા નહોતા. પણ હા, આજે જો પાછું ફરીને જોઇએ છીએ તો ખાત્રી થાય છે કે અમે એક લાંબો માર્ગ પસાર કરી લીધો છે, હજુ માર્ગ બાકી છે, હજું વધારે ત્યાગ - તપસ્યા કરવાની છે, હજુ સ્વયંને વધારે નિર્મળ બનાવવાનો છે, ચાલતા ચાલતા બાકીનો માર્ગ પણ પસાર થઇ જશે. પ્રભુ કૃપાથી આ પ્રગતિની પ્રક્રિયાની સમજણ અમને મળી છે.

પ્રભુ કૃપાથી આપણી જેમ જ અન્ય આત્માઓ માનવ શરીરમાં આવી છે. તેમના પણ પોતપોતાના કર્મ અને સંસ્કાર છે. થોડુ ઘણું સારૂ અને ઉત્તમતા પ્રત્યેક માનવમાં છે, પરંતુ હાલમાં તેઓ ધર્મ-અધર્મ, ઉચિત- અનુસુચિતને પૂરે- પુરૂ નથી સમજતા, બિલ્કુલ એવી

અનુસંધાન પાના નં. ૧૨ પર




# વિશ્વપ્રેમ

- આચાર્ય અભયદેવ વિદ્યાલંકાર ○ અનુવાદક : વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર

दते दृँह मा मित्रस्य मा चक्षुषा सर्वाणि भुतानि समीक्षन्ताम। मित्रस्याऽहं चक्षुषा सर्वाणि भुतानि समीक्षे। मित्रस्य चक्षुषा समीक्षामहे॥ यजु.२६/१८

હે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર દેવ ! મને બધા ભૂતો (પ્રાણીઓ) મિત્રની દૃષ્ટિ એ જુએ. હું બધાં પ્રાણીઓને મિત્રની દૃષ્ટીથી જોઉં અને અમે બધાં પરસ્પર મિત્રની દૃષ્ટીથી જોઇએ. આવી રીતે તમે અમને દૃઢ બનાવો.

આ મંત્રમા જે ધર્મનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે જો આપણે બધા છેલ્લે એને પોતાના જીવનમાં ઉતારીએ તો આપણે ખરેખર સફળ થઇ જઇશું. આગળ અહિંસા ધર્મનો ઉલ્લેખ થયો છે .અહિંસા શબ્દ જે વાતનો નિષેધાત્મક રીતે ઉલ્લેખ કરે છે તેનું ભાવાત્મક રૂપ વિશ્વપ્રેમ છે. જો આપણે બધાં પ્રાણીઓને, ભૂતોને મિત્રનીદૃષ્ટિથી જોવા લાગીએ તો આપણા ઘણા ખરા પાપ એની મેળે દૂર થઇ જશે. કારણ કે ત્યારે આપણે બધાં એવાં જ કર્મ કરીશું જેવી રીતે એક મિત્ર સાથે કરવાં જોઇએ. મિત્ર પોતાનો હોય છે અને તેની સાથે આત્મવત્ પ્રેમદૃષ્ટિથી વ્યવહાર કરવામાં આવે છે, તેથી ત્યારે આપણે ઉચ્ચ નિયમ પ્રમાણે બીજા સાથે તેવો જ વ્યવહાર કરીશું જેવો વ્યવહાર આપણે પોતાના માટે ઇચ્છીએ છીએ. આવી રીતે આપણે કોઇને પણ (બધા અમારા મિત્રો છે) કષ્ટ પહોંચાડીશું નહિ, કારણ કે આપણે કષ્ટ પ્રાપ્ત કરવા ઇચ્છતા નથી. કોઈની સાથે દગો કરીશું નહિ, કારણ કે આપણે દગાનો ભોગ બનાવા માંગતા નથી. કોઇનો સામાન ચોરીશું નહિ, કારણ કે આપણો માલ ચોરાઇ જાય એમ ઇચ્છતા નથી. એવી જ રીતે મિત્ર દૃષ્ટિ મેળવ્યા પછી ધર્મના બીજા બધા અંગો પણ એની મેળે પાળશે. એ જ આ ધર્મનું માહાત્મ્ય છે. હવે જરા પોતાની કલ્પનાંમાં એક નાના સમુદાયની કલ્પના કરો જ્યાં પરસ્પર બધાં એક-બીજાને મિત્ર દૃષ્ટિથી જોતા હોય, મતભેદ હોય છતાં પ્રેમ રાખતા હોય, પરોપકારમાં લાગેલા હોય, પરસ્પર એકબીજાના અધિકારોની ચિંતા કરતા હોય તો તમારી આગળ સાચા સ્વર્ગનું દૃશ્ય આવી જશે. શું તમે આવું સ્વર્ગનું દૃશ્ય લાવવા માંગતા નથી? કદાચ તમારો વિચાર તરત જ બહાર પ્રમટ થશે અને તમે કહેશો કે - અમે તો આવું સ્વર્ગ લાવવા માંગીએ છીએ, પરંતુ બીજા લોકો તે લાવવા દેતા નથી. આ ફરિયાદ ત્યાં સુધી જ છે જ્યાં સુધી આપણે તે માટે યત્ન કરતા નથી. એક જ જગત એક મનુષ્ય માટે સ્વર્ગ અને બીજા માટે નર્ક થઇ શકે છે. આ વાત પોતાના હાથમાં છે. તેથી જ આ વેદમંત્રમાં ઇચ્છા કરવામાં આવી છે કે બધા મને મિત્રની દૃષ્ટીથી જુએ અને પછી તેનો ઉપાય બતાવવામાં આંવ્યો છે કે હું બધાને મિત્ર દૃષ્ટિથી જોઉં. બધા તમારા મિત્ર બની જશે.

પતંજલિ મુનિ તો કહેછે- ત્યારે તમારી ચારેબાજુ ના પ્રાણીઓ પણ અંદર અંદર વેરભાવ રાખશે નહિ. શું તેમણે આ વાત એમને એમ કહી છે? નહિ આપણે આપણાં પ્રેમથી ખરેખર સંસારને નવો બનાવી શકીએ છીએ. એ જ યોગ છે એજ પરમાત્માની પ્રાપ્તિ છે. તો જગતમાં પોતાના પ્રેમને ફેલાવી દેવો એ જ પરમાત્માની પ્રાપ્તિ છે. કારણ કે પરમાતમાને આખા જગતમાં જગતના ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણી પ્રત્યે પુત્ર જેવો પ્રેમ છેવાત્સલય છે. તે બધાના પિતા છે જો આપણે બધાને પોતાનો ભાઇ સમજીએ, પ્રાણી માત્રને મિત્ર દૃષ્ટિથી જોઇએ તો આપણે બધાના પોત-પોતાની જાતને પરમાત્માને અનુકુળ બનાવી શકીએ છીએ. પ્રભુના પિતૃ સ્વરૂપને સાક્ષાત્ જોઇ શકીએ છીએ અને તેના ભક્ત દરેક વસ્તુમાં પરમાત્માને જ જુએ છે અને દરેક વસ્તુ પ્રત્યે પ્રેમ રાખે છે. તેથી હું કહું છું કે બધા પ્રાણીઓ પ્રત્યે મિત્રદૃષ્ટિ રાખીને પરમાત્માની પાસે પહોંચવાનું છે. બધા મહાપુરુષો એવી રીતે જ તેની પાસે પહોંચી ગયા છે. ઋષિ દયાનંદે પોતાનો પ્રેમ આખા જગતમાં ફેલાવ્યો હતો. તેથી જો તમે પણ ત્યાં જ પહોંચવા માંગો છો તો વિશ્વપ્રેમને તમારો આદર્શ બનાવો.

પ્રેમન સૂર્ય દરેક પ્રાણીની અંદર છૂપાયેલા છે. તે ગમે ત્યારે પોતાનાં હજારો કિરણો દ્વારા ચમકી શકે છે. પરંતુ તેના માર્ગમાં એક બાધા છે, અટકાવ છે. જો આ બધા દૂર થઇ જાય તો પછી આ કિરણોને ફેલાતા શું વાર લાગે છે? તે છે - સ્વાર્થ, જે આપણાં માર્ગમાં એકમાત્ર બાધારૂપ છે. એનું જ અસ્મિતા, અહંકાર, અવિદ્યા વગેરે શબ્દોથી વર્ણન કરવામાં આવે છે. એ જ વૃત્ર છે, જેણે આ સૂર્યને ઢાંકી રાખ્યો છે. એના ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે વેદમાં વર્ણન છે. આપણે સમજી લેવું જોઇએ કે-સ્વાર્થ જ આપણો એકમાત્ર શત્રુ છે. આપણે જેંટલા પ્રમાણમાં સ્વાર્થનું આવરણ દૂર કરતા જઇશું, તેંટલા પ્રમાણમાં આપણા પ્રમેનો સૂર્ય ફેલાતો જશે. આપણે પોતાના સ્વાર્થને દૂર કરીને જ આપણું સ્વર્ગ સ્થાપિત કરી શકીએ છીએ. એમાં કોઇ પણ બાધા નથી. તેથી આવો, હવે જોઇએ કે આપણે સ્વાર્થમાં ફસાયેલા મનુષ્ય કયા ક્રમથી આગળ વધીને આપણાં પ્રેમરૂપી સૂર્યને પૂર્ણ વિકસિત કરી શકીએ છીએ.

પહેલું પગલું એ છે કે પોતાના પરિવારમાં આ સ્વર્ગનું રાજ્ય સ્થાપિત કરવું. માતા-પિતા, પતિ-પત્ની, ભાઇ-બહેન વગેરે આખા પરિવારના સભ્યો પરસ્પર સ્નેહ દૃષ્ટિથી જુએ, મધુર વાણી બોલે, એકબીજાની સહાય કરીને સંપીને રહીએ. પરિવારમાં સૌથી પહેલા મનુષ્ય - મારે વ્યક્તિગત સ્વાર્થમાં જ લાગેલા નહિ રહેવું જોઇએ. આ શીખે છે. પરંતુ પરિવાર માટે સ્વાર્થનો ત્યાગ કરવો કંઇ અઘરું નથી. લોકો પોતાના પરિવારમાં જ પ્રેમનું રાજ્ય લાવી શકતા નથી, તો પછી તેઓ સમાજ કે દેશની શી સેવા કરી શકશે એ વાત મનુષ્યે અનુભવવી

જોઇએ. જો પરિવારમાં શાંતિ ન હોય, તો પહેલાં પોતાના પ્રેમમય અને નિઃસ્વાર્થ વ્યવહારથી પરિવારને એ પાઠ ભણાવવો જોઇએ. જો શાંતિ છે તો હવે આગળ જુઓ.

પોતાના સમાજમાં કે પોતાના નગરમાં તમારા બધા મિત્રો હોવા જોઇએ. દરેક મનુષ્યની સાથે તમારો મિત્ર જેવો સ્નેહનો વ્યવહાર હોવો જોઇએ. જો તમે પોતાના નગર કે પોતાના સમાજ માટે પોતાના સ્વાર્થ ત્યાગ કરવા રાજી હશો; તો તમાર માટે કોઇ અમિત્ર રહેશે નહિ. તેથી પોતાના હૃદયને પૂછો કે પોતાના નગરમાં કે પોતાના સમાજમાં મારી કોઇ સાથે શત્રુતા નથી ને? જો છે તો તેને છોડી દો અને તમારા પોતાના સ્વાર્થ ત્યાગથી શત્રુને પણ મિત્ર બનાવો. પરંતુ હું અહીં આગળ જતા પહેલાં એક સ્પષ્ટ પ્રશ્ન પૂછવા માંગુ છું - તમે જૂના સંસ્કારોને વશ થઇ કે તેમાં તણાઇને એ તો ભૂલી ગયા નથી કે જેને આજે "અસ્પૃશ્ય" કહેવામા આવે છે તે પણ તમારા નગરના અને સમાજના જ ભાઇઓ છે? શું તે પણ તમારી સાથે મિત્રની જેમ એક સાદડી ઉપર બેસી શકે છે? કૂવા ઉપરથી પાણી ભરી શકે છે? જો નહિ તો વિચાર કરો શા માટે નહિ? શું તે ભાઇઓ નથી? જો ભંગીનું કાર્ય મેલું છે, તો આ કાર્ય આપણી માતાઓ કરતી નથી, ડોક્ટરો કરતા નથી? તો પછી શી વાત છે? જો તે મેલા રહે છે તો એ તમારા સ્વાર્થને લીધે છે. જૂના ગ્રંથોમાં જાજરૂ સાફ કરવાનું કોઇ જગ્યાએ વર્ણન નથી. એને માટે શબ્દ જ નથી જો તે તમારા માટે સફાઇનું આટલું ઉપયોગી કામ કરે છે તો તમારે તેનો આભાર માનવો જોઇએ. તેમનો તિરસ્કાર કરવો એ કયા તર્કથી સિદ્ધ થાય છે? જો તમે આ વાતો ને ઘણી વખત સાંભળી ચૂકયા છો તો સ્વાર્થને છોડીને પોતાની જાતને પવિત્ર બનાવો.. ત્યારે તરત જ તમારો પ્રેમ આ પરમ ઉપકારી પરંતુ પીડિત જીવો સુધી ફેલાઇ જશે. તમે પાશ્ચાંતાપ કરીને એમને સ્વીકારશો. તમારા જે મિત્ર જ જેવાં વ્યહારને જોઇએ તે પોતાને સ્વચ્છ રાખશે સમજમા આવતું નથી કે એ લોકોમાં જે સ્વચ્છ રહે છે તેને સ્પર્શ કરવામાં શા માટે સંકોચ થાય છે? શુ તેમાં આત્મા નથી? તેમાંપરમાત્માનો વાસ અને આત્માનો વાસ - જે તેમને અમારા સ્પર્શ માટે પણ યોગ્ય પવિત્ર નથી બનાવનો તો ખરેખર આપે જ અપવિત્ર છીએ. શું આર્યસમાજમાં પણ એવા વ્યકિતઓ છે જે એમને સપર્શ કરી સકતા નથી , એના બાળકો આપણા બાળકો સાથે ભણી શક્તા નથી, કૂવા ઉપર એ ણાણી ભરી શક્તા નથી. જયાં નથી. જો આવું છે તો આ ખાડાને પૂર્યા વગર આપણે આગળ જઇ શકીશું નહિ. જ્યા સુધી આપણે પોતાના સમાજમાં એક એક ભાઇને મિત્રનો સ્વભાવિક હક્ક (અધિકાર) આપી શક્તા નથી ત્યાં સુધી આપણે સમાજનું નિર્માણ જ કરી શક્તા નથી અને એટલા માટે જ આપણા દુઃખ પણ દુર કરી શક્તા નથી. આ પ્રશ્નનો ઉકેલ લાવ્યા આપણાં માટે બીજો ઉપાય નથી. જલ આપણે પોતાના નજીવા સ્વર્થોનું બલિદાન

આપી શકીએ તો આર્યસમાજ એક જ સપાટામાં આભડ છેટને દૂર કરી શકે છે અને સમાજ એક-એક વ્યક્તિમાં આપણો મિત્રભાવના પ્રેમ ફેલાવી હકીએ છીએ.

પછી આપણું કુટુંબ બને છે આ કુટુંબનો અનુભવ વાચકો દેશભક્તિના પ્રકરણમાં કરી ચુક્યા છે. માતૃભૂમિના બધા પુત્રો આપણા ભાઇઓ છે. બધા હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી તથા શીખો આપણા ભાઇઓ છે. આપણા લોકોનો પ્રેમ વિસ્તાર હજી સુધી પોતાની નાની કોમો અને ફિરકાઓથી આગળ પહોંચ્યો નથી તેથી આ પગલું ભરવામાં આપણે ખાસ ધ્યાન રાખવું જોઇએ અને પ્રયત્ન કરવો જોઇએ. આપણો પ્રેમ આખા દેશમાં ફેલાઇ જાય અને આપણે દેશ માટે પોતાના બધા સ્વાર્થોનું બલિદાન આપી દઇએ. માતૃભૂમિની સેવા કરવા માટે શંકા વગર આપણે ખૂબ વધારે સ્વાર્થહીન બનવું પડશે. પરંતુ આ સ્વાર્થહીન બનવું પડશે. પરંતુ આ સ્વાર્થહીનતા અથવા પ્રેમ વિસ્તારથી જ આપણને સુખ મળશે, કારણ કે એવું કરવાથી આપણે પરમાત્માની વધારે પાસે પહોંચી જઇશું. બધા દેશવાસીઓના સુખમાં આપણે પોતાનું સુખ સમજીએ, તેમના દુખઃથી આપણે દુઃખી થઇ જઇએ. દેશભાઇઓની ઐશ્વર્યવૃદ્ધિમાં આપણે આપણી જાતને ધનવાન માનીએ અને અને તેમની નિર્ધનતામાં આપણી ગરીબી માનીએ. આખા દેશમાં પોતાનો પ્રેમ ફેલાવવાનો એ જ અર્થ છે અને આજ પ્રેમ વિસ્તાર દ્વારા આપણે આપણા દેશમાં સ્વર્ગ બનાવી શકીએ છીએ. આ કોઇ અઘરું કામ નથી. કારણ કે સંસારમાં ઘણા દેશોના લોકો પોતાના દેશપ્રેમને લીધે સુખ ભોગવીને આપણી આગળ દાખલા રૂપે વિદ્યમાન છે. પરંતુ આ પ્રકરણને સમાપ્ત કરતા પહેલાં પણ પોતાના આર્ય અને ભાઇઓનુ ધ્યાન એક વાત તરફ દોરવું જરૂરી છે. ઘણી વખત એમ કહેવામાં આવે છે અને એમાં સત્ય પણ જરૂર છે કે આપણામાં "પરમત સહિષ્ણુતા" ની ખામી છે. આપણે ઘણી વખત પોતાના દેશભાઇઓ સાથે કેવળ મઝહબના ભેદને લીધે જ તિરસ્કાર કરીએ છીએ, અને ઘણી વખત લડીએ પણ છીએ. આ ખામી સહેલાઇથી દૂર કરી શકાય છે અને આપણી એ જરૂર દૂર કરવી જોઇએ. "મિત્રસ્ય ચક્ષુષા સામીક્ષામહે" નો વૈદિક સંદેશ ધરાવનારને શું એ પણ બતાવવાની જરૂર છે કે ધર્મનો ફેલાવો પ્રેમથી જ થાય છે ? આપણે દેશના બધા ભાઇઓ પોતાની માતૃભૂમિ માટે પ્રેમનો સંબંધ બાંધીને એક બીજા સાથે હળી-મળી જવું જોઇએ અને વધારે બલિદાનની જરૂર હોય તો તે બલિદાન કરવા માટે તૈયાર રહેવું જોઇએ. હવે પછીનું પગલું છે સાર્વભૌમ પ્રેમ સંસારના બધા મનુષ્યો સાથે પ્રેમ, મનુષ્યજાતિ સાથે પ્રેમ. આપણી દેશભક્તિ બીજા દેશો સાગે દ્વેષ કરવા માટે નથી. અત્યારથી જગતમાં જે એક દેશ નામે દેશભક્તિના બીજા દેશને હાનિ પહોંચાડે છે બીજી જાતિના પીડિત કરે છે.

**-ક્રમશઃ...**

# અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

- પં. રુચિરામ આર્યોપદેશક

**(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ અરબ દેશોમાં વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૬ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)**

**- સહસંપાદક**

ગતાંકથી ચાલુ....

હજ મક્કાની બહાર જબલ અરફાતમા થાઇ છે. જયારે અરબી મહિનો જીઅલહજની નવમી તારીખ આવે છે તો દરેકે એક એહરામ (ધોતીયું) બાંધવુ પડે છે, અને દરેક હજ કરવાની તૈયારી કરે છે. તે ઓનો હજ જબલ અરફાતમાં થાય છે, આ સ્થળ મક્કાથી લગભગ દસ માઇલ દૂર છે.નવમી તારીખ સાંજે મિના પહોંચી જાય છે, રાત્રિ રોકાણ ત્યાં જ કરેછે. બીજા દિવસે સવારે મુજદલફા થઇને જબલ અરફાત પહોંચી જાય છે તેઓનો હજ તો થઇ જાય છે , પરંતુ જેઓ સાંજે ચાર વાગ્યા પછી પહોંચે છે તેઓનો હજ થઇ શકતો નથી. જબલ અરફાત એક નાનકડી પહાડી છે. જેના ઉપર એક નાની મસ્જિદ છે. તેની ચારે બાજુ એક મોટું મેદાન છે, જેમા કાંટાદાર બાવળના ઝાડી છે. આ મેદાનમાં પણ એક મસ્જિદ છે, જે નમરહના નામે ઓળખાય છે. આ મેદાનમાં લોકો પોતાનો પડાવ નાંખેછે અને સાંજે ચાર સુધી ત્યાંજ રોકાય છે. હજ જબલ અરફાત માં થાય છે, મક્કામાં નહીં. કહેવાય છે કે જ્યારે ખુદાએ આદમ અને હવાને સ્વર્ગમાં થી કાઢી મુક્યા અને પૃથ્વી પર ફેંકી દીધાં તો આદમ એક તરફ જઇ પડયા અને તેની પત્ની બીજી તરફ જઇ પડી. એકબીજાને શોધતા શોધતા હવાએ આદમને આ પહાડી ઉપર જ શોધ્યો હતો. આટલાં દિવસોથી ખોવાયેલો પતિ તેની પત્નીને આ જ પહાડી ઉપરથી મળી શકતો હોય તો પછી ખુદા અહીં મળે તેમાં કોણ ના પાડી શકે? આથી મક્કા કે જેને ખુદાનું ઘર કહેવામાં આવે છે, તેને પણ છોડીને આ જબલ અરફાત પહાડીને હજ માટે પસંદ કરવામાં આવી તે યોગ્ય જ છે!

બરાબર અસરની નમાજ વખતે એટલે કે સાંજે ચાર વાગ્યે હાકિમે - વક્ત (તે સમયનો શાસક) ખુતબા (ઉપદેશ) સંભળાવે છે, જે વર્ષે મે હજ કર્યો તે સમયે હકીમેવક્ત જલાલતલમલિક ઇબન સઉદ હતો અને તુર્કી હકૂમત તરફથી શરીફ હુસેન કે જે મક્કનો વાઇસરોય હતો, તે ભાગી ગયો હતો. જલાલતલ મલિક ઇબા સઉદે જ્યારે ખુતબા-ઉપદેશ-પૂરદ કર્યો તો ભારતીય ભાઇઓ 'હજકબૂલ' એમ કહીને ત્યાંથી રવાના થયા, પરંતુ અરબ અને જાવાના મુસલંમાનો તો 'હજકબૂલ' એમ કહેવાનું ભૂલી ગયા અને ચૂપચાપ ચાલ્યા ગયા.

વાહ ભાઇ વાહ! આટલીં મોટી ભૂલ. અફસોસ એ વાતનો છે કે ભારતીયો એ પણ તેઓને યાદ ન દેવડાવ્યું. જો ભારતમાં કોઇથી અનર્થ થઇ જાય તો મૌલવીઓ તેમના વિરૂદ્ધ કુફ્ર (નાસ્તિક) જેવો મોટો ફતવો બહાર પાડી દેત.

ઉપદેશ સાંભળ્યા પછી લોકો એક મિનિટ પણ જબલ અરફાતમાં રોકાવું યોગ્ય માનતા નથી. ઉપદેશ પૂરો થયે આ લોકો સાંજે 'મુજદલફા' થઇને 'મિના' પંરત ફરે છે. હજના બીજા દિવસે મીનામાં આ લોકોનો ઇદનો દિવસ હોય છે. મીના એક મોટું નગર છે. હજના દિવસોમાં અહીંના મકાનો, દુકાનો વગેરે ભરચક થઇ જાય છે, પરંતુ ત્યાર પછી આખુ વર્ષ સુનસાન રહે છે.

મીના બજારમાં લગભગ પાંચ ફૂટ ઊંચી અને ત્રણ ફૂટ પહોળી ત્રણ દિવાલો બનાવેલી છે. જે લગભગ એક ફલાંગ લાંબી હશે. આ ત્રણેય દિવાલોને શૈતાન કહેવામાં આવે છે. આનો અર્થ એ કે મીનામાં ત્રણ શૈતાનો છે. પહેલી દિવાલનું નામ જુમરા તલ ઉલા એટલે કે મોટો શૈતાન. બીજીનું નામ જુમરા તલ બુસ્તા અર્થાત્ વચેટ શૈતાન અને ત્રીજીનું નામ જુમરા તલ ઉખરા અર્થાત્ અંતિમ શૈતાન છે. પહેલા દિવસે સવારમાં જ દરેક હાજી મોટા શૈતાનને સાત કાંકરી મારે છે અને ત્યાર પછી કુબરાની (બલિ) આપે છે. દિવાલના રૂપમાં શૈતાનનું નામ સાંભળીને ઘણાં મૂર્તિપૂજાના વિરોધીઓ ચમકી ગયા હશે, પરંતુ હકીકત છૂપાવી શકાતી નથી. સિદ્ધાંતને ક્રિયારૂપ આપવું એ ઇસ્લામમાં નથી.

હા, મોટા શૈતાનને સાત કાંકરી માર્યા પછી કુરબાની અપાય છે, પરંતુ મક્કાએ ભારતવર્ષ નથી. કે જ્યાં તેઓને ગાયો સસ્તી મળી જાય. મક્કામાં ગાયો બહું ઓછી મળે છે. હા, મક્કાથી ત્રણ માઇલ દૂર તાયફ નામનું એક સ્થાન છે, કોઇ પણ આરબ કુરબાની માટે ગાય વેંચવા ઇચ્છતો નથી. કારણ કે તે એ બાબત સારી રીતે સમજે છે કે ગાયનું દૂધ મક્કામાં મળતું નથી. આથી દૂધાળા પશુઓ પાળવા અને બચાવવાને તેઓ પોતાનો ધર્મ સમજે છે. મક્કામાં ગાયો એટલા માટે ઓછી મળે છે કે ત્યાં આસ-પાસ સાઇઠ માઇલ સુધી ક્યાંય ઘાસ મળતું નથી, આથી મક્કામાં જે ગાયો છે તેને તેઓ મોટા ભાગે ખજૂર જ ખવડાવે છે, ઘાસ તો સાવ થોડું ખવડાવે છે. હજના દિવસોમાં જ્યાં કુરબાની અપાય છે. ત્યાં ઘેંટા-બકરાં જ દેખાતા હોય છે, કારણ કે મક્કામાં માત્ર સનાય (આવળ જેવો)નો છોડ જ થાય છે. જેનો ચારો ઘેંટા-બકરાં ચરે છે. સનાય (છોડ)નો **ખાવાથી જુલાબ લાગી જાય છે આથી જે હાજી બકરાંઓની કુરબાની આપીને તેનું માંસ પેટ ભરીને ખાય છે. તેને તો એવા ઝાડા થઇ જાય છે કે સીધા સ્વર્ગ જ પહોંચી જાય છે! અને જો સ્વર્ગ ન પહોંચે તો પણ સ્વર્ગ સામે જ દેખાવા લાગે છે! કેટલાંક દિવસો સુધી ઝાડા રહે છે, આથી તે અધમૂવા જેવા થઇ જાય છે.**

મક્કા અને જિદ્દામાં જે સરકારી હોસ્પિટલો આવેલી છે. ત્યાંના ડોક્ટરોને હજના દિવસોમાં મીના બોલાવી લેવામાં આવે છે. તેઓ અહીં ત્રણ દિવસ સુધી રહે છે. કારણ કે આ ત્રણદિવસ જ કુરબાનીના હોય છે. મેં મિનાની હોસ્પિટલમાં જોયું કે અહીં દરરોજ ૮૦ લોકો મરે છે. મીના પહાડી નગર છે, કબરો સારી રીતે ખોદી શકાતી નથી. આથી સાધારણ લોકો કે જેમના વારસદાર ન હોય તેઓને એક મોટો ખાડો ખોદી તેમાં પાંચ-પાંચને એક સાથે દફનાવી દેવામાં આવે છે. ઇબન સઉદ તરફથી કેટલાંક માણસો આ કામ માટે જ રાખવાંમાં આવેલ છે. તેઓ મૃતદેહને વિધિપૂર્વક પૃથ્વીમાં દફન કરી દે છે. જગ્યા થોડી હોવાના કારણે મોટા ભાગે અગાઉ દફનાવેલ મુડદાઓની કબરો ખોદીને તેમાં નવા મુડદા દફનાવી દેવાય છે.

મેં જોયું કે તે સમયે જ્યારે એક શબ હોસ્પિટલમાંથી દફનાવવા માટે બહાર લાવવામાં આવતું હતું, તો જાણ થઇ કે જાવાનો એક છોકરો પણ મરી ગયો છે. અલગથી ઉપાડવાની વ્યવસ્થા ન હોવાથી તેના શબને પણ પહેલાના શબની નનામી ઉપર જ રાખી દીધું. છોકરાનો પિતા રોઇ રોઇને કહેતો હતો કે મારા છોકરા માટે અલગ નનામી-જનાજો મંગાવો, પરંતુ ત્યાં તેનો અવાજ કોણ સાંભળે? હોસ્પિટલ લાશોથી ભરાય જાય છે. નવા દર્દીઓ માટે પણ જગ્યા જોઇએ ને! તે સમયે જે દૃશ્ય આંખ સામે હોય છે તે સમજાવવાથી જરૂર નથી. એ જરૂરી નથી કે બધાં શબોનું દફન હોસ્પિટલવાળા જ કરે, જેઓ પોતાના ખર્ચે અલગથી દફન કરવા ઇચ્છે તો તેઓ તેમ કરી શકે છે.

મેં જોયું કે કુરબાનીનું માંસ ખાવાથી આટલાં મૃત્યુ થાય છે તો મેં જલાલાતમલિક ઇબનસાઉદનું એ તરફ ધ્યાન દોર્યુ અને નિવેદન કર્યુ કે આપે કોઇ ઉપાય કરવો જોઇએ. કે જેથી આ લોકો મૃત્યુના મુખમાંથી બચી શકે: તેમણે જવાબ આપ્યો કે આનો માત્ર એક જ ઉપાય છે. કે આ લોકોને કુરબાનીનું માંસ ખાતા રોકવામાં આવે. તેમણે આમ જ કર્યુ. પોતાની સેનાના કેટલાંક સૈનિકને કુરબાનીના સ્થળે તૈનાત કરી દીધાં અને હુકમ કર્યો કે જ્યારે પણ ઘેટા-બકરાંની કુરબાની અપાઇ જાય ત્યારે તેનું માંસ બહાર ન જવા દેવું એ માંસને ભૂમિમાં એક ખાડો કરીને દાટી દેવાવા લાગ્યું. આમ કરવા છતાં પણ કેટલાંક લોકો કુરબાનીનું માંસ ચોરી-છૂપીથી બહાર લઇ જતા હતા અને પરિણામે મોતને ભેંટતા હતાં. પરમાત્મા આ લોકોને સદ્‌બુદ્ધિ આપે અને સન્માર્ગ બતાવે! સુલ્તાન ઇબનસુઉદે મને આશ્વાસન આપ્યું કે આ રીતે દર વર્ષે હજના દિવસોમાં કુરબાનીનું માંસ ખાતા રોક લગાવવામાં આવશે. આ માટે તેઓએ લેખિત આદેશ પણ બહાર પાડયો. આ આદેશનો હાજીઓના સ્વાસ્થ્ય ઉપર સારો પ્રભાવ પડયો અને લોકોને ખૂબ સંતોષ થયો.

ક્રમશઃ...

અનુસંધાન પાના નં. ૪ પરનું ચાલુ



જેમ કે ક્યારેક અમે પણ સમજી શકતા નહોતા. એમનામાં આજ એવા દુર્ગુણ છે જેવા અમારામાં હતાં. ધાર્મિકોના સમજાવવા, પ્રેરણા આપવા છતાં પણ તેઓ આધ્યાત્મિક માર્ગ ઉપર ચાલી શકતા નથી, બિલ્કુલ એવી રીતે જેમ ક્યારેક અમો પણ ચાલતા ન હતા. પ્રભુની કૃપા તે લોકો પર પણ થશે, થાય છે, જેવી આપણાં ઉપર થયેલ. જેમ જેમ તેઓ પોતાના જ્ઞાન અને કર્મને શુદ્ધ કરતા જશે, તેમ તેમ એમને પણ ઈશ્વરની વધારેને વધારે કૃપા મળતી જશે.

પરમ કૃપાળુ પ્રભુ સદા કૃપા ભાવ રાખે છે, દુષ્ટો-પાપીઓને તેમના સુધારા માટે દંડ આપતી વખતે પણ સદા કૃપાની ભરપૂર રહે છે. આપણે એ પ્રભુના અનુયાયી છીએ. દોષોથી યુક્ત માણસ પણ ધીરે ધીરે પવિત્ર થતા થતા સારો, ધાર્મિક, તપસ્યા, સાત્વિક, સાધક બની શકે છે. પ્રભુની માફક જો આપણે પણ અધાર્મિકો પ્રત્યે ઘૃણાનો ભાવ ન લાવીને, તેમને પ્રભુની જેમ ઉચિત વ્યવહાર કરીએ, તેના સુધાર માટે યથાયોગ્ય દંડ આપીએ, પરંતુ મનમાં તેમના કલ્યાણનલ ભાવ હોય, તો પરમપિતા પરમાત્મા અને પરમકૃપાલુ પ્રભુની પરિપૂર્ણ કૃપાના પાત્ર આપણે બની જઇશું.

પ્રભુની કૃપા આપણી સાથે છે, આપણે પ્રભુની ખૂબ મોટી કૃપા મેળવી છે, પણ આપણને તો પ્રભુની પરિપૂર્ણ - સંપૂર્ણ કૃપા જોઈએ છે. આપણે પ્રભુની અસીમિત કૃપામાં - અંતિમ કૃપામાં ડૂબકી લગાવવી છે, આપણે તેમાં ઉતરી જવું છે, આપણું જીવન ત્યારે જ ધન્ય થશે. આપણાંથી પાછળ ચાલતા, આપણાંથી ઓછા ધાર્મિક, આપણાથી વધારે અધાર્મિક, આપણાથી વધારે દુષ્ટ-પાપીને જોઇને તેની સાથે યથાયોગ્ય વ્યવહાર કરવાની ઇચ્છા રાખવાવાળા આપણે સાધક જો આ ભાવ બનાવી રાખીએ કે "ક્યારેક હું પણ આવો જ હતો", તો આપણે આજના કરતા વધારે ઊંડા આધ્યાત્મમાં ઉતરી જઇશું, ત્યાં જ આપણને પ્રભુની પરિપૂર્ણ કૃપાનો અસ્વાદ ચાખવા મળશે.

# વૈચારિક ક્રાંતિ માટે સત્યાર્થ પ્રકાશ વાંચો.



પિતૃ નડતર એક અજ્ઞાત ભય !

# બાર મહિનાના દાણા અપાવે તો સાચો ...!

- બળદેવભાઇ ઓઝા

રાત્રે બેઠક કરી. મારા એ સ્નેહી ઉપર પ્રભાવં પાડવા ભૂવાએ પડકાર ફેંક્યો ,

તારે જોઇએ એટલા દાણા માંગી લે. ભાવતું હતું ને વૈદે આપ્યું. બાર મહિનાનુ અનાજ ભરવાનુ બાકી હતું. તક ઝડપી લીધી.

માડી! તું તો જગત જનની છો. તારે ત્યાં ક્યાં ખોટ છે ? દાણા આપવા બેઠી છો તો ઝાઝુ તો નથી માગતો પરંતુ પાંચ મણ ઘઉ, વીસ કિલો ચોખા ,દસ કિલો મગ...

બાપા ઉકળી ઉઠયા,

છોટું હવે તું રહેવા દે. હાલતું હોય તેમ હાલવા દે. ભૂવા રૂઠશે તો માંડવો માંડવાના ઠેકાણે રહેશે.

માર્કેટયાર્ડના બદલે ઘેર બેઠા બાર મહિનાના દાણા મળતા હોય તો માગી લેવા એવી મારા એ સ્નેહીની, શુદ્ધા ભાવનાની કોઇએ કદર ના કરી!

## સાહસ અને તપસ્યા વિના સિદ્ધિ નથી. વૈરાગી સંત આશ્રમમાં.

મોટાભાઇ કિશોર વયે સંસાર ત્યાગીને સાધુ બન્યા. વૈરાગી સાધુ તરીકે જીવનભર કઠોર તપસ્યા કરી. સૌરાષ્ટ્રના ઉપલેટાની બાજુમાં સેવંત્રા ગામની સીમમાં મોજેશ્વર મહાદેવનો પ્રાચીન અને વિશાળ આશ્રમ છે. પૂ. કેશવાનંદજી મહારાજના શિષ્ય તરીકે રહ્યાં. ગુરુદેવના દેહાંત બાદ જગ્યાના મહંત બન્યા. સતનામ બાપુ તરીકે બાવીસ વર્ષ સુધી અકિંચન વૈરાગી જીવન વ્યતિત કર્યુ. મોજેશ્વર મહાદેવની જગ્યામાં સતનામ બાપુની પૂરા કદાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઇ છે. હાલ ભાવિકો દ્વારા પૂરા ભાવ સાથે પૂજાય છે.

સાધુ જીવનમાં મોટા ભાઇને કેટ કેટલી કસોટી વિટંબણાઓ આવી હશે ? આમાં જન્માક્ષર આધારિત ગ્રહોનો કે પિતૃઓનો ફાળો કેટલો ?



# અંધવિશ્વાસ અને તેનું નિવારણ



- મદન રહેજા

**અંધ વિશ્વાસ - પક્ષીઓનુ બોલવુ શુભ અને કૂતરાનું રડવું અશુભ છે.**

**નિવારણ :** પક્ષીઓની ધ્વનિ-અવાજ અલગ -અલગ હોય છે કેટલાંક વ્યક્તિ નકલ પણ કરે છે આથી એને શુભ કે અશુભ કહેવું યોગ્ય નથી . આમાં ભ્રમ કે અંધવિશ્વાસની કોઇ બાબત નથી, કોયલનો અવાજ (કુક) બધાંને ગમેછે, જ્યારે ગધેડાંનું હોંચી હોંચી સાંભળવું કોઇને ગમતુ નથી.એ જ રીતે કાગડાંનું કાઉં-કાઉં કાનને પ્રિય લાગતું નથી તો ચકલીઓની ચીં ચીં ગમે છે,બિલાડીનું મ્યાંઉ-મ્યાંઉ તો પસંદ પડે છે પરંતુ બિલાડી જો રાત્રે રડતી હોય ,કૂતરૂ ભસતુ હોય તો સારૂ લાગતુ નથી. આ તમામ અને અન્ય પ્રાણિઓને પોત-પોતાના અવાજ છે,તે તેઓની બોલીઓ છે. જેમા કેટલાકની બોલી આપણને પસંદ પડતી ન પડતી હોય!

ક્યારેક આ પશુ- પક્ષીઓનો અવાજ આપણા માટે ચેતવણીનું કામ કરે છે કારણકે એમની ઇન્દ્રિયો આપણા મનુષ્યો કરતા વધુ સૂક્ષ્મ ( sensilive) હોય છે. આ પ્રાણીઓ બહુ જ દૂરનો ધ્વનિ પણ ખૂબ સરળતાથી સાંભળી શકે છે. ભૂકંપ,આંધી કે વર્ષાની પ્રાકૃતિક આપતિઓને એ ઘણું જલ્દી જાણ લે છે. જો કૂતરું વગર કારણે ભસવા લાગે તો સમજવું નજીકના સમયમાં ભૂકંપ આવશે.

પ્રાણીઓ અવાજો ને શુભ- અશુભ માનવા એ ઈશ્વરીય વ્યવસ્થાને અવગણા સમાન છે . શુભ-અશુભ થવુ એ વ્યકિતના સ્વયંના કર્મ ના કારણે છે. પશુ-પક્ષીઓના અવાજોના કારણે નહીં.

## આવો, પરિચય કરીએ મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

**ગ્રંથનું નામ :** પત્ર એવં વિજ્ઞાપન

**પરિચય :** મહર્ષિ દયાનંદ પોતાના જીવનકાળ દરમ્યાન અનેક મહત્વપૂર્ણ વ્યક્તિઓ, રાજા-મહારાજાઓ સાથે સંપર્ક રહ્યાં. તેઓ સાથે પત્ર વ્યવહાર પણ ચાલતો હતો. તેઓના પત્રોનો સંગ્રહ અનેક વિદ્વાનો અને મહાનુભાવોએ કર્યો અને તેનું પ્રકાશન પણ કરાવ્યું. પત્રોની સાથે મહર્ષિ દ્વારા લખેલા વિજ્ઞાપનો-પત્રિકાઓનું પણ પ્રકાશન કરાવ્યુ. તેનો પરિચય ક્રમશઃ પ્રગટ કરવામાં આવે છે.

(૧) શ્રી પં. લેખરામજીએ ઋષિ દયાનંદ દ્વારા લિખિત તથા અન્ય વ્યક્તિઓ દ્વારા મહર્ષિને લખેલ પત્રો અને વિજ્ઞાપનોનો સંગ્રહ કરવા માટે ભારતમાં ભ્રમણ કર્યુ હતું. જેનું પ્રકાશન તેઓએ ઉર્દૂ ભાષામાં લખેલ મહર્ષિના જીવન ચરિત્રમાં કરેલ. ત્યાર બાદ સન્ ૧૯૭૧ માં આ ગ્રંથનો હિંદી અનુવાદ પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ.

આ ગ્રંથનું મહત્વ એ છે કે કોઇ પણ અન્ય લેખકે મહર્ષિનું જીવન ચરિત્ર લખવું હોય તો આ ગ્રંથની સહાયતા વિના ન લખી શકે.

# જિજ્ઞાસા – સમાધાન

– આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસા : શું જીવ ભૂત, પ્રેત, ડાકણ વગેરે બને છે?**

**સમાધાન :** જીવાત્મા ભૂત, પ્રેત, ડાકણ વગેરે કયારેય બનતા નથી, કારણકે આ પ્રકારની કોઇ યોનિ કે શરીર છે જ નહીં. જીવાત્મા શરીર છોડયા પછી સ્વતંત્ર રીતે કાર્ય કરી શકાતો નથી કે કોઇ શરીરમાં પ્રવેશ કરી શકતો નથી. ભૂત-પ્રેત એ કોઇ યોનિનું નામ નથી. મૃત શરીરનું નામ પ્રેત છે અને તેનું અન્ત્યેષ્ટિ કર્મ કર્યા પછી તેનું નામ ભૂત છે. ભૂત શબ્દનો સીધો 'અર્થ થઇ ગયું.' એમ થાય છે. એટલે કે જે થઇ ગયા બાદ ન રહે તેનું નામ ભૂત છે. ભૂત, પ્રેત, ડાકણ વગેરે યોનિની કલ્પના ધૂતારા લોકોએ ભલા-ભોળા લોકોને છેતરીને પોતાનો સ્વાર્થ સાધવા માટે કરેલ છે.

કેટલાંક લોકો કહે છે કે ક્યારેક-ક્યારેક ભૂત-પ્રેતની હાજરી જોવા મળે છે તેમજ લોકો દ્વારા સાંભળવા મળે છે આથી ભૂત અને તેના થતા કાનારમાનો ઇન્કાર કરી શકાય નહીં. જેના લીધે ભૂતની હાજરીને નહીં માનનારાએ પણ માનવી પડે છે, પરંતુ એવા બનાવની સારી રીતે તપાસ કરવામાં આવે તો સાચી વાત સામે આવી જાય છે. મૂળભૂત રીતે તેના મૂળમાં કેટલાંક ધૂતરા લોકોની ચાલાકી અને તેમાં ફંસાઇ જનાર લોકોની માનસિક નબળાઇ હોય છે. બાળપણમાં ભૂત-પ્રેમની વાતો સાંભળી-સાંભળીને બાળકોના મન પર તેનાં સંસ્કાર પડી જાય છે. આ સંસ્કાર એટલા ઊંડા હોય છે કે મોટા અને સમજદાર થયા પછી પણ તેના મનમાંથી તે દૂર કરવા મુશ્કેલ બની જાય છે. ભૂત-પ્રેતની બાહ્ય જગતમાં વાસ્તવિક અત્ત ન હોવા છતાં પણ તેને માનનારાના મનમાં તે પહેલાથી જ હાજર હોય છે. આથી તેને સર્વત્ર ભૂત જ દેખાય છે. જેના મનમાં ભૂત નથી હોતા તેને ક્યારેય ક્યાંય ભૂત દેખાતું નથી. આથી ભૂત-પ્રેતની ખોટી કલ્પનાઓમાં ન પડવું જોઇએ.

**જિજ્ઞાસા : શરીરમાં જીવાત્મા ક્યારે આવે છે?**

**સમાધાન :** શરીરમાં જીવાત્મા ગર્ભસ્થાપન વખતે જ આવી જાય છે. આ વ્યવસ્થા નર-માદાનાં સંયોગ થવા સાથે જોડાયેલ છે. વૃક્ષો વનસ્પતિ વગેરેમાં તેના બીજ જ્યારે અંકુરિત થાય ત્યારે આવે છે. આવું સ્વેહજ યોનિના શરીરોમાં પણ સમજવું.

**જિજ્ઞાસા : જીવાત્માની મુક્તિ શું છે? મુક્તિનો સમય શું છે અને તે કઇ રીતે પ્રાપ્ત થઇ શકે ?**

**સમાધાન :** મહર્ષિ દયાનંદના શબ્દોમાં મુક્તિ –

मुञ्चन्ति पंथग्भवति जना यस्यां सा मुक्तिः

એટલે કે જેનાથી છૂટી જવાનું હોય તેનું નામ મુક્તિ મહર્ષિ એમ કેહવા માંગે છે કે સમસ્ત દુઃખ થી સર્વયા છૂટીને સુખ પ્રાપ્ત થવું, બ્રહ્મમાં રહેવું એ મુકિત છે. આવી સ્થિતિન પ્રાપ્ત થવુ એ જીવાત્માની મુકિત છે, આવી સ્થિતિને તમામ ઋષિઓએ મુકિત માનેલ છે.

तदत्यन्तविमोक्षोऽपवर्ग: ।।

दु:खजन्मप्रवृत्तिदोष मिथ्याज्ञानानाम़ुत्तरोत्तरापाये तदनन्तरापायादपवर्ग: ।।

– न्याय १.१.१२, १.१.२

अथ त्रिविधदु:खात्यन्तनिवृत्तिरत्यन्तपुरुषार्थ:।

-सांख्य १.१

મહર્ષિઓ દ્વારા વર્ણન કરમા આવેલ અને વ્યાખ્યા કરવામાં આવેલ મુકિત થી અન્ય મતાવાદીઓ અને પુરાણ વગેરેમિથ્યા ગ્રન્થો માં કહેવામાં આવેલ મુકિત અંગેનું મોટા ભાગનું નિરાકરણ થઈ જાય છે.મુકિતનો સમય નિશ્ચિત છે. એ સમય પૂરો થતા આત્મા ફરીને શરીર ધારણ કરે છ. તે મુકિતની અવધિને મહર્ષિ દયાનંદે મુંડકોપનિષદ્ના આધારે જણાવેલ છે. તેઓ -

ते ब्रह्म लोकेषु परान्तकाले परामृता: परिमुच्यन्ति सर्वे

તે મુક્ત જીવ મુક્તિને પ્રાપ્ત કરીને બ્રહ્મમાં આનંદને ત્યાં સુધી ભોગવીને પુનઃ મહાકલ્પ પછી મુક્તિના સુખને છોડીને સંસારમાં આવે છે.

આ સમય-અવધિ આ મુજબ છે.

તેંતાલીસ લાખ વીસ હજાર વર્ષોની એક ચતુયુર્ગી, બે ચતુયુર્ગીઓનો એક દિવસ-રાત, આવી ત્રીસ અહોરાત્રનો એક મહિનો આવા બાર મહિનાનું એક વર્ષ, આવા સો વર્ષનો પૂરાન્તકાળ હોય છે.

આને ગણિતની રીતે સમજી લેવું. આટલો સમય મુક્તિનો સુખ ભોગવવાનો હોય છે. ગણિત મુજબ ૩૧ નીલ, ૧૦ ખરબ, ૪૦ અજબ માનવ વર્ષ સુધીનો સમય મુક્તિનો છે. આટલા સમય સુધી જીવાત્મા દુઃખ રહિત મુક્તિનો આનંદ લે છે.

મુક્તિ કઇ રીતે પ્રાપ્ત થઇ શકે? કોઇ પણ લક્ષ્યની પ્રાપ્તિ માટે ત્રણ બાબતોનું જ્ઞાન હોવું જરૂરી છે - એક કર્તા, બીજું તેની ક્રિયા અને ત્રીજુ સાધન. જો આ ત્રણેય બરાબર હોય તો લક્ષ્ય પ્રાપ્ત થઇ શકે છે. કર્તા એટલે કે લક્ષ્ય પ્રાપ્ત કરનાર. કર્તા જો લક્ષ્ય પ્રાપ્તિની તીવ્ર ઇચ્છા સાથે યોગ્ય ક્રિયા અને યોગ્ય સાધનો ઉપયોગ કરતો હશે તો તે પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરશે. જો આ ત્રણમાંથી કોઇ એકમાં ઉણપ રહેશે તો લક્ષ્ય પ્રાપ્ત થશે નહીં.

મુક્તિ મેળવવા માટે જરૂરી છે યોગાભ્યાસ. જીવાત્મા યોગાભ્યાસ વડે પોતાના અંતઃકરણને પવિત્ર કરી સંસારથી વિરક્ત થઇ પરમેશ્વરને પ્રાપ્ત કરી પોતાનામાં રહેલી અવિદ્યાની ગાંઠ ઉકેલી નાંખે છે ત્યારે તેને મુક્તિ મળે છે. મુક્તિના સાધનો યોગદર્શન વગેરે શાસ્ત્રોમાં વિસ્તારથી સમજાવવામાં આવેલ છે.


મહર્ષિ દયાનંદે મુક્તિના ઉપાયો આ મુજબ બતાવ્યાં છે - પરમેશ્વરની આજ્ઞાનું પાલન કરવું, અધર્મ, અવિદ્યા, કુસંગ, કુસંસ્કાર, દુર્વ્યસનોથી દૂર રહીને અને સત્ય ભાષણ, પરોપકાર, વિદ્યા, નિષ્પક્ષન્યાય, ધર્મની વૃદ્ધિ કરવી, પરમેશ્વરની સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના અર્થાત્ યોગાભ્યાસ કરવો, વિદ્યા ભણવી-ભણાવવી અને ધર્મથી પુરુષાર્થ કરી જ્ઞાનમાં વૃદ્ધિ કરવી. આવા સર્વથી ઉત્તમ સાધનો વડે અને જે કંઇ કરવું તે તમામ પક્ષપાત રહિત ન્યાય ધર્મ પ્રમાણે જ કરવું - વગેરે સાધનો વડે મુક્તિ અને આનાથી વિપરીત ઇશ્વરાજ્ઞાનું ઉલ્લંઘન કરવું વગેરે કામથી બંધન થાય છે. (સત્યાર્થ પ્રકાશ - સમુલ્લાસ - ૯)

આ તમામ ઉપાયો વડે મુક્તિ મળે છે. આ વિષયે વધુ જાણવા માટે સત્યાર્થ પ્રકાશ અને ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકાનો સ્વાધ્યાય કરવો.




મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 'વ્યવહારભાનુ' પુસ્તકમાં શિક્ષાપ્રદ દૃષ્ટાંતો આપેલાં છે. જેના આધારે ભારત મકવાણાએ બાળકો માટે ચિત્રકથા તૈયાર કરી છે. જેનુ પ્રકાશન આર્ષ સાહિત્ય પ્રચાર ટ્રસ્ટ દિલ્લી દ્વારા કરવામાં આવેલ છે. 'આર્ય વૈદિક દર્શન'ના બાળ વિભાગમાં તેનો ગુજરાતી અનુવાદ ક્રમશઃ પ્રકાશિત કરવામાં આવે છે. વડીલો પોતાના બાળકોને એ વાંચવા પ્રેરણા આપશે એવી આશા છે. - સહસંપાદક




માનો કે કોઇએ તમને મદદ કરી, જેમ કે તારા હાથમાંથી પેન પડી ગઇ કે પુસ્તક પડી ગયું અને તેણે તે નીચે લઇને તને આપી દે તો શોર્ય તું જણાવ તેના બદલામાં તું શું કહીશ ?
અમે પણ તેને થેન્કસ કહીશું.
પછી દાદાજીએ શૌર્ય અને અપૂર્વાને પૂછ્યુ -
અપૂર્વા તું કહે જોઇ, તેં તેને થેન્કસ શા માટે કહ્યું ?
હવે શૌર્ય, તું કહે તેં વસ્તુ લઇને થેન્કસ શા માટે કહ્યું ?
કારણ કે તણે અમને જે વસ્તુ આપી તે અમારા ઉપયોગમાં આવશે.
કારણ કે તેણે આપણી મદદ કરી.


હવે દાદાજીએ ત્રણેય બાળકોને કહ્યું -
તો સાર એ નીકળ્યો કે જે તમારી મદદ કરે છે અથવા તમને કંઇક આપે છે, તેનો ઉપકાર માનવો અને આથી તેને ધન્યવાદ આપીએ છીએ.
જી હા ! દાદાજી
દાદજીએ બાળકોને પૂછ્યું -
તો બાળકો ! એ કહો કે હવા, પાણી, સૂર્ય, ચંદ્રમાનો પ્રકાશ, આ પૃથ્વી, નદી, પહાડ અને આ આપણું જીવન કોણે આપ્યું છે ? આપણું શરીર કોણે બનાવ્યું છે ? શું આ બધું કોઇ માણસ બનાવી શકે ? ધ્રુવ તું કહે જોઇ ?
ધ્રુવ વિચારવા લાગ્યો પછી બોલ્યો-
મને નથી ખબર !


ત્યાં અપૂર્વા બોલી -
દાદાજી હું કહું છું, આ . બધું ભગવાને બનાવ્યું છે અને ભગવાને જ આપ્યું છે.
શાબાશ દીકરી !
પરંતુ દાદાજી આપે તો કહ્યું હતું કે ભગવાનને શરીર નથી, તેને આંખ વડે જોઇ શકાય નહીં, તો પછી ભગવાન આપણને કઇ રીતે આપે છે ?
દાદાજી બોલ્યા -
બેટા શૌર્ય ! આ પ્રશ્નનો જવાબ હું પછી આપીશ, પહેલા એ બરાબર સમજી લો કે ભગવાનની પ્રાર્થના અને ભકિત શા માટે કરવી જોઇએ.
જી દાદાજી ! હા, એ અમને બતાવો.

ક્રમશઃ...

# ગુજરાત નું ગતિશીલ....... આર્યજગત

# ગુજરાતની આર્યસમાજોમાં ઉજવાયો

## વિશ્વ પર્યાવરણ દિવસ

## ઠેર-ઠેર યોજાયા પર્યાવરણ શુદ્ધિ યજ્ઞ

ગુજરાત પ્રાં. આ. પ્રતિનિધિ સભાના નિર્દેશ મુજબ ૫મી જૂન ૨૦૧૮ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ગુજરાતની અનેક આર્યસમાજો દ્વારા કરવામાં આવેલ હતું અને જેમાં પર્યાવરણ શુદ્ધિ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું અને લોકોને યજ્ઞનું મહત્ત્વ તથા પર્યાવરણ = વાયુ-જળ-જમીન વગેરેની શુદ્ધિ માટે યજ્ઞની ઉપયોગિતા સમજાવવામાં આવેલ હતી.

ઉજવણીના પ્રાપ્ત અહેવાલોનું સંકલન નીચે મુજબ છે.



૧. **આર્યસમાજ ટંકારા** દ્વારા ટંકારા ગામના ત્રણ જાહેર સ્થળોએ યજ્ઞ રાખવામાં આવ્યો. જેનો સેંકડો લોકોએ લાભ લીધો હતો અને યજ્ઞમાં આહુતિ આપી હતી. સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ સુધી બાયપાસ રોડ પર લક્ષ્મીનારાય સોસાયટી પાસે આવેલ કષ્ટભંજન હનુમાનજીની જગ્યામાં યજ્ઞ રાખવામાં આવેલો જેમાં દર્શનાર્થે આવતા ભાઈ-બહેનોએ આહુતિ આપી હતી. આ પ્રસંગે પર્યાવરણ પ્રદૂષણના કારણો અને તેના નિવારણમાં યજ્ઞનું મહત્વ સમજાવવામાં આવેલ હતું.

સાંજના સમયે ૫ થી ૭.૩૦ સુધી અન્ય બે જાહેર સ્થળો લો વાસ તથા ગાયત્રીનગરમાં એક સાથે યજ્ઞ રાખવામાં આવેલ હતા. જેમાં તે વિસ્તારના લોકોએ હાજરી આપી હતી અને યજ્ઞમાં આહુતિ આપી હતી. તેમજ પર્યાવરણ પ્રદૂષણ થવાના કારણો તેનાથી વર્તમાનમાં અને ભવિષ્યમાં થનાર નુકસાનની સમજણ આપવામાં આવેલ હતી. તેમજ

પ્રદૂષણ નિવારણ અર્થે વધુ વૃક્ષો વાવવા અને નિયમિત યજ્ઞ કરવા પ્રેરણા આપવામાં આવેલી હતી.

૨. **આર્યસમાજ ધ્રાંગધ્રા** દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં પર્યાવરણ શુદ્ધિ યજ્ઞ અને વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ પ્રસંગે પર્યાવરણ પ્રેમી શ્રી દુષ્યંતભાઇ તથા આર. એફ. ઓ. શ્રી લાલજીભાઇ કાવર; આર્યસમાજના પદાધિકારીઓ, સદસ્યો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. ત્યાર બાદ પર્યાવરણ શુદ્ધિ યજ્ઞ કરવામાં આવેલ હતો. જેમાં બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યાં હતા અને યજ્ઞ આહુતિઓ આપી હતી.

આ પ્રસંગે પ્રદૂષણ દૂર કરવામાં યજ્ઞનું વૈજ્ઞાનિક મહત્વ સમજાવવામાં આવેલ હતું.

સૌ એ પર્યાવરણનું જતન કરવાના સંકલ્પ લીધા હતાં.



૩. **ચરોતરપ્રદેશ આર્યસમાજ, આણંદ** ચરોતર પ્રદેશ આર્ય સમાજ, આણંદ દ્વારા ૫ જુન ને મંગળવારના રોજ વિશ્વ પર્યાવરદિવસ ની ઉજવણી નિમિતે વૈદિક યજ્ઞ, હવન સામગ્રી પ્રદર્શન અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું. આ પ્રસંગે યોજેલ હવન સામગ્રી પ્રદર્શનનું ઉદ્ઘાટન આણંદ નગરપાલિકાના નવા નિમાયેલા પ્રમુખ શ્રી કાંતિભાઇ ચાવડાના હસ્તે કરવામાં આવ્યું. હવન સામગ્રી પ્રદર્શન જાહેર જનતા માટે બે દિવસ સવારે ૧૦-૦૦થી ૧-૦૦ અને બપોરે ૨-૦૦થી ૬-૦૦સુધી ચાલુ રખવામાં આવ્યું.

ઉદ્ઘાટન વિધિ બાદ પર્યાવણ શુદ્ધિ માટેનો વૈદિક યજ્ઞ પં. કનુપ્રસાદ શાસ્ત્રી તથા પં. લાલજીપ્રસાદ આચાર્યના સંયુક્ત બ્રહ્મત્વમાં યોજવામાં આવ્યો હતા. આ યજ્ઞનો લાભ આણંદનગરપાલિકાના પ્રમુખશ્રી કાંતિભાઇ ચાવડા સહિત હાજર સૈએ લીધો હતો.

આ પ્રસંગે પોતાના વિચારો રજુ કરતાં વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્યએ જણાવ્યું કે: માનવ જાતની સાંપ્રતમાં વિષય ભોગને વધુમાં વધુ માત્રામાં ભોગવવાની લાલસાને કારણે અનિયંત્રિત ઔદ્યોગીકરણના પરિણામ સ્વરૂપ પૃથ્વી ઉપર પ્રદૂષણ રૂપી મહાભંયકર ભસ્માસુર ઉત્પન્ન થઇ ગયો છે. આ રાક્ષસના સંકજામાં હવા, પાણી, જમીન, ધ્વનિ, પ્રકાશ, આકાશ બધું જ આવી ગયું છે. વૈજ્ઞાનિકો કહે છે વધી રહેલા પ્રદૂષણને જો નિયંત્રણમાં કરવામાં નહીં આવે તો



કેટલાક વર્ષો પછી એવી સિથતિ થઇ જશે કે મનુષ્યોએ પોતાની સાથે પ્રાણવાયુના સીલીન્ડર બાંધીને રાખવા પડશે મીનરલ વોટરની બોટલ અને માસ્ક રાખવા પડશે.

આ ભંયકર સ્થિતિમાંથી બચવા માટેનો સરળ અને સાચો રસ્તો છે. હવન યજ્ઞ પ્રામાણિક રૂપે બનેલા યજ્ઞકુંડમા નિર્ધારિત વૃક્ષોના લાકડાં બાળવામાં આવે અને ઉચિત માત્રામાં ગાયનુ ઘી અને સામગ્રી(ઐષધિઓનુંમિશ્રણ) હોમવામાં આવે તો વિવિધ પ્રકારના લાભદાયક વાયુઓ ખૂબ જ અધિક માત્રામા ઉત્પન્ન થાય છે. જે વાયુના પ્રદૂષણને નષ્ટ કરીને વાતાવરણને સુગંધિત તથા સ્વાસ્થયકારક બનાવી દે છે. તેનાથી હાનિકારક કિટાણુઓનો નાશ થઇ જાય છે. તેનાથી અનેક બીમારીઓ થતી નથી.

વૈદિક યજ્ઞ બાદ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત સંસ્થાના વ્યવસ્થાપકે કર્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષપદે ઉપસ્થિત રાજ્યસભાના સાંસદ શ્રી લાલસિંહજી વડોદિયાનું સ્વાગત સંસ્થાના પ્રમુખશ્રીએ પુષ્પગુચ્છ આપીને કર્યું હતું. આણંદ નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખશ્રી કાંતિભાઇ ચાવડાનું સંસ્થા દ્વારા જાહેર સન્માન પુષ્પગુચ્છ અર્પીને તેમજ શાલ ઓઢાડીને પ્રમુખશ્રીના હસ્તે કરવામાં આવ્યું. તેમજ સંસ્થાના પદાધિકારીગણ તથા અંતરંગ સભ્યો અને શાખા આર્યસમાજના સભ્યોએ પુષ્પગુચ્છ આપીને સન્માન કર્યું હતું.

ત્યાર બાદ આણંદ નગરપાલિકાના પ્રમુખશ્રીએ પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું કે : જ્યારથી આપણે વૈદિક સત્ય, સનાતન મૂલ્યોને તરછોડીને અન્યને અપનાવ્યા છે, ત્યારથી આપણે દુઃખી છીએ. યજ્ઞ પર્યાવરણનું સંતુલન જળવાઇ રહે છે તેવું જાણવા છતાં આપણે તેનાથી વિમુખ થઇ ગયા છે. આપણે પર્યાવરણને સાચવીશું તો પર્યાવરણ આપણને બચાવશે, નહીં તો વિનાશ નક્કી જ છે. **આજના દિવસે પર્યાવરણના સંતુલન માટે આપણે શું શું કરી શકીએ છીએ તે અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરીને તેના ઉપર સૌ એ અમલ કરવાનો સંકલ્પ કરવો એ આપણી નૈતિક ફરજ છે. અમોએ સ્વેચ્છા અભિયાન દ્વારા પર્યાવરણને સ્વચ્છ બનાવવા અનેકવિધ કાર્યક્રમો અમલમાં મૂક્યા છે.**

**રાજ્યસભાના સાંસદ શ્રી લાલસિંહજી વડોદિયાએ જણાવ્યું કે આપણે**

ફક્ત આપણું આંગણું જ સાફ રાખીએ છીએ. આપણી માતાઓ-બહેનો પ્લાસ્ટીકની થેલીઓમાં કચરો ભરીને ગમે ત્યાં ફેંકી દે છે. આ કચરો પશુઓ પ્લાસ્ટીક સહિત ખાય જાય છે. તેનાથી પશુઓનું સ્વાસ્થ્ય બગડે છે, સાથે સાથે તેમનું દૂધ વગેરેનો ઉપયોગ કરતા મનુષ્યોના સ્વાસ્થ્યને પણ હાનિ પહોંચાડે છે. કચરો વેરવિખેર થતા તેમાં જીવાણું, વિષાણું ઉત્પન્ન થઇને ભયંકર હાનિ કરે છે. તેથી આપણે સૌ એ જાહેરમાં કચરો ગમે ત્યાં ન ફેંકતા કચરાપેટીમાં કચરો નાખવો જોઇએ, તેવી સૌને ગંભીરતાપૂર્વક ટકોર કરી હતી.

ત્યાર બાદ સંસ્થાના પ્રાંગણમાં વૃક્ષારોપણ અતિથિ વિશેષ મહાનુભાવો અને પદાધિકારીગણ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ શાખા આર્યસમાજોમાં વૃક્ષારોપણ કરવા માટે વૃક્ષોના રોપા વહેંચણી કરવામાં આવી હતી.

અંતમાં સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલાએ આભાર વિધિ કરી હતી. તેઓના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળપૂર્વક સંપન્ન થયો હતો. પ્રીતીભોજન બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

૪. **આર્યસમાજ સુરેન્દ્રનગર** દ્વારા સુરેન્દ્રનગર શહેરમાં પાંચ અલગ-અલગ સ્થળોએ અલગ-અલગ સંસ્થાઓના સહયોગથી પર્યાવરણ શુદ્ધિ યજ્ઞનું આયોજન કર્યુ હતું જેનો આર્યસમાજ ઉપરાંત આર્યસેવા દળ, વાણંદ સમાજ, ભારત વિકાસ પરિષદ અને શ્રી એન. પી. શાહ કોમર્સ કોલેજનો સહયોગ મળ્યો હતો. શ્રી આર્યબંધુજીએ યજ્ઞનું પર્યાવરણ મહત્વ સમજાવ્યું હતું.



**૫. આર્યસમાજ જૂનાગઢ** આર્યસમાજ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ ૫ જૂનથી ૧૧ જૂન સુધી આયોજિત પર્યાવરણ શુદ્ધિ યજ્ઞની પૂર્ણાહુતિ ધર્મપ્રેમી જનોની ઉપસ્થિતિમાં કરવામાં આવી. આ યજ્ઞમાં વિશેષ ઔષધિ યુક્ત સામગ્રી તથા ગાયના ઘીની આહુતિ આપવાથી વાતાવરણ શુદ્ધ અને પવિત્ર થાય છે. યજ્ઞમાં વૈજ્ઞાનિક રીતે સૂક્ષ્મીકરણની પ્રક્રિયા થવાથી રોગના કીટાણુંનો પણ નાશ થાય છે. આ યજ્ઞ આર્યસમાજથી પ્રારંભ કરી ભવનાથ, બોરદેવી, દીપાંજલિ, રાજલક્ષ્મી પાર્ક વગેરે સ્થળોએ યોજવામાં આવ્યો બહળી સંખ્યામાં લોકોએ હાજર રહી લાભ લીધો હતો.




**૬. આર્યસમાજ, અડાજણ, સુરત** દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સામૂહિક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આર્યસમાજના સદસ્યો તથા જાહેર જનતાએ હાજરી આપી હતી. તમામે આહુતિ આપી હતી. આ પ્રસંગે લોકોને યજ્ઞનું મહત્વ સમજાવવામાં આવેલ હતું.



**૬. કચ્છ ક્ષેત્રની આર્યસમાજો** દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શ્રીમતી સોનલબેન શેઠિયા દ્વારા કચ્છના વિવિધ ક્ષેત્રમાં પર્યાવરણ શુદ્ધિ યજ્ઞ કરવામાં આવ્યો. જેમાં નખત્રાણા, પદમપુર, જનકપુર, દુર્ગાપુર વગેરે સ્થાનોએ યજ્ઞો થયા. આ કાર્યમાં વિવિધ મહિલા મંડળના બહેનોએ વિશેષ સહયોગ આપ્યો.



**૭. આર્યસમાજ, ગાંધીધામ** દ્વારા
દિવસ નિમિત્તે વૃષ્ટિ યજ્ઞનું
જન કરવામાં આવ્યું. જેમાં
ી આર્યનાં નેતૃત્વમાં શ્રી
સંપન્ન કરાવ્યો. આ પ્રસંગે
આયસમાજના પદાધિકરીઓ, સદસ્યો અને જાહેર જનતાએ ભાગ લીધો હતો.

અનુસંધાન પાના નં. ૨૫ પરનું ચાલું

**આર્યવીર દળ ૩૫મો સ્થાપના દિવસ**

આ પ્રસંગે આચાર્ય રામદેવ શાસ્ત્રી, રણજીતસિંહ પરમાર અને હસમુખભાઇ પરમારે આશીર્વચનો કહ્યાં હતાં.

કાર્યક્રમનું સંચાલન મંત્રી દેવકુમાર પડસુંબિયાએ કર્યુ હતું. સમગ્ર આયોજનને સફળ બનાવવામાં આર્યવીર દળ ટંકારાના અધિષ્ઠાતા પરેશભાઇ કોરિંગા અને પુરોહિત પં. સુવાસ શાસ્ત્રીએ જહેમત ઉઠાવી હતી.

# આર્યવીર દળ ટંકારાનો
## ૩૫ મો સ્થાપના દિવસ અને
## આર્યવીર પરિવાર મિલન સમ્પન્ન



આર્યસમાજ ટંકારા દ્વારા સન્ ૧૯૮૪માં ૧૧મી જૂનના રોજ આર્યવીર દળની સ્થાપના કરવામાં આવેલ છે. ત્યારથી આર્યવીર દળનું સંગઠન મજબૂત બનતું થાય છે.

આર્યસમાજ ટંકારા દ્વારા સર્વ પ્રથમ સન્ ૧૯૮૪માં જૂન માસમાં સ્થાનીય પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રશિક્ષક તરીકે ધ્રાંગધ્રાથી શ્રી શશાંકભાઇ સોલેગાંવકર, રતિલાલભાઇ પરમાર, ધીરૂભાઇ પધારેલ હતાં. આઠ દિવસીય શિબિરના પૂર્ણાહૂતિ સમયે વિધિવત્ આર્યવીર દળ ટંકારાની સ્થાપના કરવામાં આવેલ હતી અને સંકલ્પ લેવામાં આવેલ હતો. કે દર વર્ષે સ્થાનીય શિબિર યોજવામાં આવશે. જે પરંપરાનું નિર્વહન આજ પર્યંત કરવામાં આવે છે. દિવાળીની રજાઓમાં અથવા ઉનાળાની રજાઓમાં દર વર્ષે સ્થાનીય શિબિર રાખવમાં આવે છે. જેમાં નંવાં આર્યવીરો-કિશોર-તરૂણ વયના જોડાય છે અને પ્રશિક્ષણ મેળવે છે. જેમાં છેલ્લા ૩૪ વર્ષમાં સેંકડો આર્યવીરોએ પ્રશિક્ષણ મેળવ્યું છે. આમ આર્યવીર દળ ટંકારા સતત નવપલ્લવિત રહે છે.

આર્યવીર દળ ટંકારા દ્વારા સ્થાનીય શિબિર ઉપરાંત દર વર્ષે રાષ્ટ્રીય પર્વ- પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યા (૨૫મી જાન્યુઆરી) એ દેશભક્તિ પ્રેરક ભવ્ય કાર્યક્રમ જાહેરમાં તાલુકાકક્ષાએ યોજવા આવે છે. જેનો હજારો લોકો લાભ લે છે. તેમજ દર વર્ષે ૨૩મી માર્ચ શહીદ દિન નિમિત્તે મશાલ સરઘસ કાઢવામાં આવે છે. જે ટંકારાની ગલીઓ, બજારો અને સોસાયટીઓમાં ફરે છે અને લોકોમાં રાષ્ટ્રભાવના ભરે છે. ઉપરાંત દર વર્ષે આર્યવીર દળ ટંકારાનો સ્થાપના દિવસ વિશાળ પાયે ઉજવવામાં આવે છે: જેમાં ભૂતપૂર્વ અને વર્તમાન આર્યવીરો ઉત્સાહપૂર્વક હાજરી આપે છે અને પોતે લીધેલા સંકલ્પોને તાજા કરી તેને પૂર્ણ




કરવા પ્રેરણા મળવે છે.

ચાલુ વર્ષનો સ્થાપના દિવસ તા. ૧૦ જૂન રવિવારના રોજ ટંકારાથી ૭૦ કિ.મી.ના અંતરે અને પ્રકૃતિની ગોદમાં આવેલ બસંત બહાર રિસોર્ટમાં ઉજવવા આવ્યો. જેમાં સવારે ૯ થી સાંજના ૬ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

પ્રારંભ યજ્ઞથી કરવામાં આવ્યો. જેમાં ચાર આર્યવીર દંપતી યજમાન પદે બિરાજ્યા હતા. યજ્ઞ બાદ યજમાન દંપતિઓને આશીર્વાદ આપવામાં આવ્યાં. ત્યાર બાદ આર્યવીર દળનો ધ્વજ ફરકાવવામાં આવ્યો. આ સમયે ઉપસ્થિત તમામ શિબિરાર્થી આર્યવીરો, જૂના આર્યવીરો તેમના પરિવારજનો, આર્યસમાજ ટંકારા અને રાજકોટના પદાધિકારીઓ અને સદસ્યો વગેરેએ કતારબદ્ધ ઊભા રહી અનુશાસનનો પરિચય આપ્યો હતો.

કાર્યક્રમનો આગળનો દોર રમત-ગમતનો હતો. જેમાં ઉપસ્થિત તમામ નાના-મોટા આર્યવીરો, વીરાંગનાઓ તેમના વાલીગણ, ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો અને આનંદ માણ્યો હતો.

મેદાની કાર્ય બાદ સભાખંડમાં સૌ ગોઠવ્યા હતા. જ્યાં શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત આર્યવીરો, આર્ય સદસ્ય, સંતાનો અને સ્થાનીય શિબિરના શિબિરાર્થીઓને પુરસ્કાર વિતરણ કરવામાં આવેલ હતા.

ભોજન વિરામ બાદ તમામે સ્વીમીંગ પુલની મજાં માણી હતી.

બપોર બાદના સત્રનો પ્રારંભ શ્રી રણજીતસિંહ પરમાર (ઉપપ્રધાન ગુજ. પ્રાંત આ. પ્ર. સભા)ની અધ્યક્ષતામાં કરવામાં આવેલ હતો. જેમાં લગ્ન જીવનના દસ કે તેથી વધુ વર્ષ પૂર્ણ કરનાર આર્યવીર દંપતીનું સન્માન કરવામાં આવેલ હતું. કુલ ૧૧ દંપતીને ઉપવસ્ત્ર અને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરવામાં આવેલ હતા. આ સન્માન જૂના આર્યવીર દંપતીના હસ્તે કરવામાં આવેલ હતું. સન્માનિત આર્યવીરોએ આર્યસમાજ ટંકારા પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.



અનુસંધાન પાના નં. ૨૫ પર

# આર્યસમાજો દ્વારા
## શૈક્ષણિક કીટ વિતરણ



**આર્યસમાજ નડિયાદ** દ્વારા શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમ સાંજે ૬-૦૦ કલાકે પ્રારંભ થયેલ - જેમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. શ્રી કે. ડી. જેસ્વાણી સાહેબ (પૂર્વ સાંસદ)ની ઉપસ્થિતિમાં સર્વ પ્રથમ બૃહદયજ્ઞ પં. દિનેશચંદ્ર આચાર્ય (મે. ટ્રસ્ટી)એ પરમાર (આર્યશ્રેષ્ઠી) તથા બાળકો દ્વારા કરવામાં આવેલ - યજ્ઞ પશ્ચાત્ આવેલ મહેમાનો શ્રી સુરેશભાઇ શેઠ - આર્યસમાજ - અમદાવાદ પ્રતિનિધિ, શ્રી મનુભાઇ રાઠોડ, શ્રી કાંતિભાઇ શર્મા, શ્રી ગૌતમભાઇ બ્રહ્મભટ્ટ (પત્રકાર), પટવા પરિવાર તેમજ આર્યસમાજ - નડિયાદનાં પ્રમુખ શ્રી દેવીનભાઇ સી. પટેલ, મે. ટ્રસ્ટી દિનેશભાઇ, શ્રી અનૂકપુર પટેલ, શ્રી નરેશભાઇ કંથારીયા તેમજ ધર્મપ્રેમી ભાઇઓ-બહેનો તથા બાળકોની બહોળી સંખ્યાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સુચારૂરૂપે સમ્પન્ન થયેલ.

ડૉ. શ્રી કે. ડી. જેસ્વાણીએ પ્રાસંગિક પ્રવચનમાં તેઓશ્રીનો પરિવાર આર્યસમાજી છે, ત્રણ પેઢીથી આર્યસમાજના વૈદિક સંસ્કારો વરેલા છે, તેઓશ્રીના વડીલો આર્યસમાજ-ગાંધીધામ, મીઠી (કચ્છ) તેમજ અન્ય સંસ્થાઓની સ્થાપના કરેલ. તથા પરિવારે વૈદિક ધર્મનો બહોળો પ્રચાર-પ્રસાર કરેલ છે. ડૉ. જેસ્વાણી સાહેબે પ્રાસંગિક પ્રવચન આપતાં કહેલ કે આર્યસમાજ મારી માતા છે. આજે આર્યસમાજ-નડિયાદમાં મને આમંત્રણ પાઠવી મને બોલાવેલ પણ આ મારો પરિવાર છે, પરિવારમાં આમંત્રણ ન હોય, તેઓશ્રીના પ્રવચનથી પ્રભાવિત સૌએ કરતલ ધ્વનિથી વધાવી લીધેલ.

શ્રી ભારતસિંહજી પરમાર (આર્યશ્રેષ્ઠી) એ જણાવેલ કે આર્યસમાજ-નડિયાદની સ્થાપના ૨૦૧૧માં કરવામાં આવી અનેક કાર્યક્રમો ચાલુ વર્ષે કરવામાં

આવેલ તેમજ અન્ય પ્રાંતોમાં પણ ભાગ લેવાગયેલ, આ સંસ્થાના કાર્યો જેવા કે વેદધર્મ, આર્યવીર દળ શિબિરો, શૈક્ષણિક કિટ વિતરણ, ધાબળાં વિતરણ, વિદ્યાદાન, અન્નદાન જેવા ભાગીરથ કાર્યો આ આર્યસમાજ-નડિયાદ કરે છે. જેમાં આપ સૌનો આમાં સહયોગ મળે તો સંસ્થા આગળ વૈદિક ધર્મનો બહોળો પ્રચાર-પ્રસાર કરી શકે, સંસ્થા પાસે હાલ પોતાનું મકાન નથી, પણ તેના માટે છેલ્લા બે વર્ષથી સતત પ્રયાસો ચાલે છે. જે શીઘ્ર સંસ્થાની જગ્યા મળે તે માટે ભારપૂર્વક જણાવેલ.

આ કાર્યક્રમ દરમ્યાન શ્રી ગૌતમભાઇ બ્રહ્મભટ્ટે (પત્રકાર) જણાવેલ કે આર્યસમાજ નડિયાદ સંસ્થાના પં. દિનેશચંદ્ર આર્ય દિવસ-રાત મહેનત કરે છેઅને આવા કાર્યક્રમોનું આયોજન સુંદર રીતે સમ્પન્ન કરે છે. સંસ્થા આપ સૌની છે, તેમજ સંસ્થા જ્યારે આવા ભગીરથ કાર્યો કરતી હોય તો સૌ પ્રથમ દાન - દાતાથી થાય. દાન સંસ્થાને આપી ઉદાર હાથોથી આપો તો આર્યસમાજ-નડિઆદ વેગવાન બને.

અંતમાં આર્યસમાજ-નડિઆદના પ્રમુખશ્રી દેવીનભાઇ સી. પટેલે આવેલ મહેમાનો વિદ્યાર્થીનીઓ, વાલીઓ અને રાજદીપ સોસાયટીનાં સર્વે રહીશોનો આર્યસમાજ વતી આભાર પ્રગટ કરેલ અને આર્યસમાજ-નડિઆદમાં થતાં કાર્યક્રમોમાં આપ સૌ પધારો તેવું જણાવેલ



**ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ** દ્વારા બાળકોનો સર્વાંગીણ વિકાસ થાય તેવા ઉમદા હેતુથી અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૮-૬-૨૦૧૮ થી ૨૩-૬-૨૦૧૮ દરમ્યાન સંસ્થા દ્વારા ગામડાંના પરા વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ માં પ્રવેશ લેનાર બાળકોને પ્રોત્સાહિત કરવા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સંસ્થા તરફથી પ્રવેશપાત્ર બાળકોને મહાનુભાવો દ્વારા કુમકુમ તિલક કરીને શૈક્ષણિક કીટ (સ્કૂલ બેગ, નોટબુક, પેન્સિલ, રબ્બર, સંચો) આશરે ૩૦૦ જેટલી તથા ચોકલેટ તથા નાસ્તો આપીને પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલાએ બાળકો ખૂબ ભણે, અનુસંધાન પાના નં. ૩૧ પર

# આર્યસમાજો દ્વારા
## વિશ્વ યોગ દિવસની ઉજવણી સમ્પન્ન



**ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ** દ્વારા ૨૧ જૂન ૨૦૧૮ના રોજ કાયમી ધોરણે ચાલતા નિઃશુલ્ક યોગ કેન્દ્ર ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ૧૦૦થી વધુ યોગ સાધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સવારે ૬-૦૦ વાગ્યે સુપ્રસિદ્ધ યોગાચાર્ય શ્રી સુરેશચંદ્ર ભટ્ટ (હાડવૈદ્ય)ના નિર્દેશન હેઠળ આણંદમાં ચાલતા ત્રણ નિઃશુલ્ક યોગ કેન્દ્રો-જાગનાથ મહાદેવ, આર્યસમાજ અને જીવનદીપ કોલોનીના નિયમિત યોગ સાધકોએ આસન, પ્રાણાયામ, ધ્યાન, લાઠીયોગ, નેતિનો સઘન યોગાભ્યાસ કર્યો હતો. યોગાચાર્ય આ પ્રસંગે યોગ અંગે ઉંડાણપૂર્વક સમજૂતિ આપી હતી અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને તથા યોગગુરૂ સ્વામિ રામદેવજીને વિશ્વભરમાં આપણી પ્રાચીન યોગ વિદ્યાનો પ્રચાર કરવા બદલ આભાર માન્યો હતો.

આ પ્રસંગે અતિથિ વિશેષ પદે શ્રી જશવંતસિંહજી સોલંકી (મોગર) તેમજ સંસ્થાના પદાધિકારીશ્રી કમલેશભાઇ પટેલ - ઉપપ્રમુખશ્રી, શ્રી ચંદુભાઇ પરમાર - મહામંત્રી, શ્રી રાજેન્દ્રસિંહ રાજ (પુસ્તકાધ્યક્ષ) અને અંતરંગ સભ્યો - શ્રી વિઠ્ઠલભાઇ પરમાર, શ્રી રમેશભાઇ સોઢા હાજર રહ્યાં હતાં.

સમગ્ર કાયક્રમ પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્ય દ્વારા સફળતાપૂર્વક યોજાયો હતો.



**આર્યસમાજ, જૂનાગઢ** અને આર્યવીર દળ ઢના સંયુક્ત ઉપક્રમે વિશ્વ યોગ ની ઉજવણી કરવામાં આવી. જેમાં ી.સી.ના કેડેટસે પણ ભાગ લીધો. આ કાર્યક્રમાં મેંદરડાના ચિરોડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સાથે જૂનાગઢના ઐતિહાસિક સ્થળો દામોદર કુંડ, ભવનાથ, બાબા પ્યારેની ફા, ઉપરકોટ કિલ્લમાં આવેલ રાણક દેવી મહેલ, બૌદ્ધ ગુફા, અડીકડી વાવ, ખેંગાર



વાવ, નવઘણ કુવો વગેરે ઐતિહાસિક સ્થળોએ આસન, પ્રાણાયામ, ધ્યાન વગેરેનું પ્રશિક્ષણ દીપકભાઇ આર્ય, પ્રવીણાબેન વાઘેલા, આર્યવીર સુનિલ, આર્યવીર અમિત અને આર્યવીર નીતિન દ્વારા આપવામાં આવ્યું. તેમજ આ ઐતિહાસિક સ્થળોનો પરિચય કરાવવામાં આવ્યો. બાળકોને ભોજન સાથે પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરી વિદાય કરવામાં આવ્યાં. સાંજના સમયે આર્યસમાજ મંદિરમાં આયોજિત વૈદિક વિવાહ સંસ્કાર માટે પધારેલ નવયુગલ તથા તેમના પરિવારજનોને નિયમિત યોગ કરવા સંકલ્પ લેવડાવામાં આવ્યો.

અનુસંધાન પાના નં. ૨૯ પરનું ચાલું.... .....શૈક્ષણિક કીટ વિતરણ....

સારા નાગરિક બને, શાળાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. સંસ્થા તરફથી પદાધિકારી શ્રી જશવંતસિંહ સોલંકી, શ્રી ચંદુભાઇ પરમાર, શ્રી રાજેન્દ્રસિંહ રાજ દ્વારા પ્રાથમિક શાળા માધવપુરા અને ડુંગરીપુરા ખાતે પ્રવેશ કરાવ્યો હતો.

આ ઉપરાંત રેલવે સ્ટેશન પ્રાથમિક શાળા કરમસદ ખાતે શ્રી ચંદુભાઇ પરમાર, પ્રાથમિક શાળા મોરીનો લાલપુરા (ત્રણોલ) ખાતે શ્રી રમેશભાઇ સોઢા, પ્રાથમિક શાળા - ભાટીયાપુરા-દલાપુરા અને વાઘપુરા ખાતે ખાતે શ્રી ગોરધનભાઇ આર્ય, પં. કનુપ્રસાદ શાસ્ત્રી, ખોડીયાર વર્ગ સિંહોલ ખાતે શ્રી વિઠ્ઠલભાઇ પરમાર - પ્રાથમિક શાળા ઝાંખરિયા અને શંકરપુરા ખાતે શ્રી કેતનભાઇ પટેલ સંસ્થાના પ્રતિનિધિ તરીકે હાજર રહીને શૈક્ષણિક કીટ વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે વિવિધ શાળા પરિવારના આચાર્યશ્રીઓએ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવીને આભાર માન્યો હતો.

# આર્ય વૈદિક દર્શન

આર્ય વૈદિક દર્શનના વાર્ષિક ગ્રાહકોને જણાવવાનું કે તેઓનું વાર્ષિક લવાજમ ક્યાં મહિને અને ક્યાં વર્ષમાં પુરું થાય છે તેની નોંધ રેપર પર આપેલ ગ્રાહક નંબરની બાજુમાં આપવામાં આવે છે. તેથી જેઓનું લવાજમ પૂર્ણ થયેલ હોય તેઓએ તુરંત મોકલી આપવું. જેથી આગળના અંકો આપને નિયમિત મળતા મળતા રહે.

**- વ્યવસ્થાપક**

## આર્યાભિવિનય

विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतो बाहुरुत विश्वतस्पात्।
सं बहुभ्यां धमति संपत्रैर्द्यावाभूमी जनयन् देव एकः॥
यजुर्वेद० १७.१९॥ ३४॥

**વ્યાખ્યા :** વિશ્વ (સમસ્ત જગત)માં જેનાં ચક્ષુઓ (દૃષ્ટિ) છે, (જેનાથી અદૃષ્ટ કોઇ વસ્તુ નથી), જેના મુખ, હાથ, પગ તથા અન્ય કર્ણ આદિ પણ સર્વત્ર છે, જેનાથી દૃષ્ટિમાં (બધું જ છે) અર્થાત્ જે સર્વદૃક્ (સર્વને ધારણ કરનાર) અને સર્વગત (બધાંની સાથે અંતર્યામીરૂપે વાત કરનાર), સર્વધારક (સર્વને ધારણ કરનાર) અને સર્વગત (વ્યાપક) ઇશ્વર છે. જે તેનાથી ડરીને (વિચારીને) ચાલે તે જ ધર્માત્મા બની શકે છે, અન્યથા કદી પણ ધર્માત્મા બની શકતો નથી. તે જ વિશ્વકર્મા પરમાત્મા એક જ અદ્વિતીય છે. પૃથ્વીથી લઈને સ્વર્ગ સુધી સર્વ જગતના કર્તા છે. જેણે જેણે જેવાં જેવાં પાપ અથવા પુણ્ય કર્યા છે, તેને તે ન્યાયકારી, દયાળુ જગત પિતા પક્ષપાત છોડીને પોતાનાં અનંત બળ અને પરાક્રમરૂપી એ બંને હાથો દ્વારા સમ્યક્ રીતે पतत्रैः પ્રાપ્ત થવાવાળા સુખ-દુઃખરૂપી ફળ પ્રાપ્ત કરનાર સર્વ જીવોને ધમતિ (ધમન-કંપન) યથાયોગ્ય જન્મ-મરણ આદિને પ્રાપ્ત કરાવી રહ્યા છે. તે જ નિરાકાર, અજ (જન્મરહિત), અનંત, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયામય ઇશ્વરને છોડીને અન્ય કોઇને કદી પણ માનવો જોઇએ નહિ. તે જ આપણો યાચનીય (યાચના કરવા યોગ્ય), પૂજનીય, પ્રભુ, સ્વામી અને ઇષ્ટદેવ છે. તેનાથી જ આપણને સુખ પ્રાપ્ત થશે, અન્યથા કદી પણ નહિ.

BOOK-POST

**RNI Registration No. GujGuj/2015/63289**
**Posted at Rajkot - HO on 6th of every Months**
**Postal Regd. No. Rajkot / 672 / 2018-2020**

**પ્રતિ,**

**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ, ટંકારા,**
**પિન : ૩૬ ૩૬ ૫૦, જિ. મોરબી.**

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj, Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL